# શિક્ષિત આદિવાસી બેકાર યુવાનોનો અભ્યાસ

મુસ્તાઅલી મસવી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪
૧૯૮૭

૨૩૨

## શિક્ષિત આદિવાસી બેકાર યુવાનોનો

### અભ્યાસ

ગુ[illegible]

Adi A 1

# શિક્ષિત આદિવાસી બેકાર યુવાનોનો અભ્યાસ

## ભાગ - ૧

### પ્રાસ્તાવિક :

ભારત દેશમા ગરીબી અને બેરોજગારી એ મહત્ત્વની સમસ્યા છે. બેરોજગારીમાએ શિક્ષિત બેરોજગારી એ એક અગત્યનું પાસું છે. છેલ્લા ૩૫ વરસના આયોજન પછી પણ ક્રમશ બેરોજગારીમાં વધારો થતો રહયો છે. છેલ્લા ચાર દાયકાથી ભારતમાં રાષ્ટ્ર અને રાજ્ય કક્ષાએ આદિવાસીના વિકાસ માટે અનેકવિધ પ્રયત્નો કરવામાં આવી રહયા છે. આ પ્રયત્નોમાં શિક્ષણક્ષેત્રે આદિવાસીઓ બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તે માટે અનેક કલ્યાણકારી પગલાંઓ લેવામાં આવ્યા છે તેમજ શિક્ષણના પ્રસાર અંગે રાજ્યભરમાં બાલવાડીથી માંડીને છાત્રાલયોની સગવડો ઉભી કરવામાં આવી છે. આ સગવડોને કારણે આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ પણ ઠીક ઠીક વધ્યું છે. ગુજરાત રાજ્યમા ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ૨૧.૧૪ ટકા હતું. પુરુષોમાં ૩૦.૪૧ % અને સ્ત્રીઓમાં ૧૧.૬૪ % હતું. શિક્ષણનું પ્રમાણ વધતાં અન્ય સમુદાયની જેમ તેમનામાં પણ શિક્ષિત બેકારીનુ પ્રમાણ વધવા પામ્યું છે.

### રાજ્યમાં રોજગારી :

રાજ્યમાં આર્થિક વિકાસનો વૃધ્ધિ દર વધતાં ક્રમશ રોજગારીની તકોમાં વધારો થતો જોવા મળે છે. રાજ્યમા છેલ્લા છ વરસમાં જાહેર વિભાગ અને ખાનગી વિભાગમાં રોજગારીનું પ્રમાણ કેટલું હતુ તેની વિગત કોઠા-૧ માં દર્શાવવામા આવી છે.

## કોઠો - ૧

### જાહેર અને ખાનગી વિભાગમાં રોજગારી

( ૦૦૦ માં )

| જાહેર વિભાગની શાખા | ૧૯૮૧ | ૧૯૮૨ | ૧૯૮૩ | ૧૯૮૪ | ૧૯૮૫ | ૧૯૮૬ |
|---|---|---|---|---|---|---|
| (અ) | | | | | | |
| ૧. મધ્યસ્થ સરકાર | ૧૩૦ | ૧૩૧ | ૧૩૪ | ૧૩૮ | ૧૪૧ | ૧૫૫ |
| ૨. રાજય સરકાર | ૧૭૭ | ૧૮૫ | ૧૯૬ | ૧૯૬ | ૨૦૪ | ૨૦૯ |
| ૩. અર્ધ સરકારી | ૧૯૯ | ૨૦૮ | ૨૨૪ | ૨૩૪ | ૨૪૪ | ૨૪૫ |
| ૪. સ્થાનિક સંસ્થાઓ | ૨૩૮ | ૨૪૨ | ૨૪૬ | ૨૫૯ | ૨૬૬ | ૨૭૦ |
| (બ) | | | | | | |
| ૫. ખાનગી વિભાગ | ૫૮૮ | ૬૩૧ | ૬૩૯ | ૬૨૭ | ૬૪૦ | ૬૪૬ |
| કુલ સરવાળો ( અ + બ ) | ૧૩૩૨ | ૧૩૯૭ | ૧૪૧૯ | ૧૪૫૨ | ૧૪૯૫ | ૧૫૦૨ |

પ્રાપ્તિ સ્થાન : રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી,
ગુજરાત રાજય, ગાંધીનગર

કોઠા-૧ પરથી જણાય છે કે ૧૯૮૧ની સરખામણીમાં ૧૯૮૬ સુધીમાં રોજગારીમાં ૧૨.૭ ટકાનો વધારો થયો હતો આમ વાર્ષિક રોજગારીનો વૃદ્ધિ દર ૨ ટકાનો હતો.

ઔદ્યોગિક વર્ગીકરણ મુજબ જાહેર અને ખાનગી વિભાગમાં રોજગારીનું પ્રમાણ કોઠા-૨ માં દર્શાવેલ છે.

રાજયમાં જુદા જુદા વરસોમાં રોજગાર વિનિમય કચેરીમાં શિક્ષિત બેકારોની નોંધણી કરવામાં આવે છે રોજગાર વિનિમય કચેરીની માહિતી મુજબ જુદા જુદા વરસોમાં રોજગારીની શોધ કરતા યુવાનોની નોંધણી થઇ હતી અને તેમાંથી કેટલાંકને નોકરી મળી હતી અને વરસ આખરે નોંધણીપત્રક પર કેટલા બેકારો હતા જેની વિગતવાર માહિતી કોઠા-૩ માં આપવામાં આવી છે.

## કોઠો - ૨

**ઔદ્યોગિક વર્ગીકરણ મુજબ જાહેર અને ખાનગી વિભાગમાં રોજગારી**

( ૦૦૦ માં )

| ક્રમ | ઔદ્યોગિક વર્ગીકરણ | ૩૦ મી જૂનના રોજ વ્યકિતની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૮૧ | ૧૯૮૨ | ૧૯૮૩ | ૧૯૮૪ | ૧૯૮૫ | ૧૯૮૬ |
| ૧ | ખેતી, શિકાર જંગલકામ અને મત્સ્ય ઉદ્યોગ | ૧૭ | ૧૭ | ૨૫ | ૨૦ | ૨૩ | ૨૩ |
| ૨ | ખાણ અને કવોરીકામ | ૧૬ | ૧૬ | ૧૭ | ૧૮ | ૨૦ | ૧૯ |
| ૩ | ઉત્પાદનકામ | ૫૧૫ | ૫૫૨ | ૫૬૭ | ૫૫૪ | ૫૬૬ | ૫૭૦ |

ચાલુ..

કોઠો-૨ ચાલુ.

| ક્રમ | આર્થિક વર્ગીકરણ | ૩૦મી જૂનના રોજગારી વ્યક્તિની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૮૧ | ૧૯૮૨ | ૧૯૮૩ | ૧૯૮૪ | ૧૯૮૫ | ૧૯૮૬ |
| ૪ | વીજળી, વાયુ અને પાણી | ૩૦ | ૩૧ | ૩૫ | ૩૭ | ૩૮ | ૪૦ |
| ૫ | બાંધકામ | ૫૯ | ૬૨ | ૬૪ | ૬૮ | ૭૦ | ૭૨ |
| ૬ | જથ્થાબંધ અને છૂટક વેપાર અને | ૧૭ | ૧૭ | ૧૭ | ૧૮ | ૧૯ | ૧૮ |
| ૭ | વાહનવ્યવહાર, અને સંદેશ વ્યવહાર | ૧૭૧ | ૧૭૨ | ૧૭૩ | ૧૭૭ | ૧૭૫ | ૧૭૨ |
| ૮ | નાણાંકીય, વીમા, મિલ્કત અને વેપારી સેવાઓ | ૬૫ | ૭૩ | ૭૩ | ૭૭ | ૮૦ | ૭૮ |
| ૯ | સામૂહિક, સામાજિક અને વ્યક્તિગત | ૪૮૨ | ૪૫૭ | ૪૬૮ | ૪૮૩ | ૫૦૦ | ૫૧૦ |
| | કુલ | ૧૩૩૨ | ૧૩૯૭ | ૧૪૩૯ | ૧૪૫૨ | ૧૪૯૫ | ૧૫૦૨ |

પ્રાપ્તિ સ્થાન : રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી
ગુજરાત રાજ્ય

## કોઠો - ૩

## રોજગાર વિનિમયનું કામકાજ

( ૦૦૦ માં )

| અનુ | વર્ષ | વર્ષ દરમ્યાન નોંધણી સંખ્યા | વર્ષ દરમ્યાન નોકરી રાખેલ સંખ્યા | વર્ષના અંતે નોંધણી પત્રક પરની સંખ્યા | વર્ષ દરમ્યાન નોંધાયેલ ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૮૦-૮૧ | ૨૪૮ | ૨૧ | ૪૮૩ | ૪૭ |
| ૨ | ૧૯૮૧-૮૨ | ૨૩૨ | ૨૩ | ૫૧૯ | ૪૭ |
| ૩ | ૧૯૮૨-૮૩ | ૨૩૨ | ૨૦ | ૫૭૩ | ૪૧ |
| ૪ | ૧૯૮૩-૮૪ | ૨૮૫ | ૨૨ | ૬૩૧ | ૪૯ |
| ૫ | ૧૯૮૪-૮૫ | ૨૧૪ | ૨૦ | ૬૪૩ | ૪૧ |
| ૬ | ૧૯૮૫-૮૬ | ૧૪૭ | ૧૨ | ૭૭૧ | ૩૩ |

પ્રાપ્તિ સ્થાન : રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

<u>શિક્ષિત બેરોજગારી :</u>

કોઠા-૩ માં આપણે વિનિમય રોજગાર કચેરીમાં નોંધાયેલ શિક્ષિત બેકારોની માહિતી જોઇ પરંતુ આ શિક્ષિત બેકારોનું શૈક્ષણિક સ્તર તપાસતાં જાણી શકાય છે કે કઇ વિદ્યાશાખામાં યુવાનોમાં બેકારીનું પ્રમાણ વધુ અને ઓછું છે. શૈક્ષણિક સ્તર અનુસાર રોજગારી મેળવવા નોંધપાત્ર વ્યક્તિઓની છેલ્લા છ વરસની માહિતી કોઠા-૪ માં રજૂ કરેલ છે.

## કોઠો - ૪

**શૈક્ષણિક સ્તર મુજબ રોજગારી મેળવવા નોંધાયેલ વ્યક્તિઓની સંખ્યા (ટકા)**

| ક્રમ | | ૧૯૮૦ | ૧૯૮૧ | ૧૯૮૨ | ૧૯૮૩ | ૧૯૮૪ | ૧૯૮૫ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | એસ.એસ.સી. | ૭૩.૮ | ૭૬.૦ | ૭૫.૯ | ૭૫.૨ | ૭૫.૪ | ૭૫.૨ |
| ૨ | ઇન્ટર | ૮.૮ | ૯.૭ | ૧૦.૯ | ૧૧.૮ | ૧૧.૮ | ૧૨.૩ |
| ૩ | ડિપ્લોમા | ૧.૪ | ૧.૧ | ૧૦.૦ | ૧.૧ | ૧.૧ | ૧.૧ |
| ૪ | સ્નાતક | ૧૪.૬ | ૧૨.૧ | ૧૧.૦ | ૧૦.૭ | ૧૦.૬ | ૧૦.૩ |
| | અ. વિનયન | ૩૭.૭ | ૩૮.૬ | ૩૮.૬ | ૩૮.૨ | ૩૪.૭ | ૩૪.૨ |
| | બ. વિજ્ઞાન | ૧૧.૪ | ૧૧.૩ | ૧૨.૬ | ૧૧.૨ | ૧૧.૬ | ૧૧.૬ |
| | ક. વાણિજ્ય | ૩૩.૬ | ૩૨.૭ | ૩૧.૧ | ૩૪.૯ | ૩૭.૬ | ૩૮.૫ |
| | ડ. અન્ય | ૧૭.૩ | ૧૭.૪ | ૬.૭ | ૧૫.૭ | ૧૬.૧ | ૧૫.૭ |

ચાલુ..

કોઠો - ૪ ચાલુ...

| ક્રમ | | ૧૯૮૦ | ૧૯૮૧ | ૧૯૮૨ | ૧૯૮૩ | ૧૯૮૪ | ૧૯૮૫ |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | ઇજનેરી સ્નાતક | ૦.૪ | ૦.૨ | ૦.૩ | ૦.૩ | ૦.૨ | ૦.૨ |
| | અ. સીવીલ | ૩૧.૧ | ૩૬.૭ | ૩૫.૮ | ૩૯.૫ | ૪૦.૬ | ૩૯.૩ |
| | બ. મીકેનીકલ | ૩૩.૪ | ૩૭.૨ | ૩૩.૩ | ૩૨.૮ | ૩૦.૭ | ૨૭.૯ |
| | ક. ઇલેક્ટ્રીકલ | ૧૭.૦ | ૧૦.૦ | ૧૩.૨ | ૧૫.૦ | ૨૧.૨ | ૧૭.૦ |
| | ડ. અન્ય | ૧૮.૫ | ૧૬.૧ | ૧૭.૭ | ૧૨.૭ | ૧૭.૫ | ૧૫.૮ |
| ૬ | અનુસ્નાતક | ૯.૦ | ૦.૯ | ૦.૯ | ૧.૦ | ૦.૯ | ૦.૯ |
| | અ. વિનયન | ૪૩.૦ | ૩૭.૭ | ૩૮.૭ | ૩૯.૮ | ૩૬.૮ | ૩૮.૨ |
| | બ. વિજ્ઞાન | ૨૪.૦ | ૨૫.૭ | ૨૬.૪ | ૨૭.૨ | ૨૮.૧ | ૨૭.૭ |
| | ક. વાણિજ્ય | ૧૯.૪ | ૧૯.૮ | ૧૮.૩ | ૧૮.૩ | ૨૦.૪ | ૧૯.૪ |
| | ડ. અન્ય | ૧૩.૬ | ૧૬.૮ | ૧૬.૬ | ૧૪.૭ | ૧૪.૭ | ૧૪.૭ |

ચાલુ...

કોઠો - ૪ ... ચાલુ...

| ક્રમ | | ૧૯૮૦ | ૧૯૮૧ | ૧૯૮૨ | ૧૯૮૩ | ૧૯૮૪ | ૧૯૮૫ |
|---|---|---|---|---|---|---|---|
| ૭ | ઇજનેરી અનુસ્નાતક | - | - | - | - | - | - |
| ૮ | કુલ શિક્ષિત બેકાર | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |
| ૯ | સંખ્યા | ૨૭૦૨૫૩ | ૩૧૦૪૭૧ | ૩૩૩૨૩૫ | ૩૪૬૨૯૪ | ૩૯૮૫૬૮ | ૪૪૯૨૮૮ |

પ્રાપ્તિ સ્થાન : રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય

**અશિક્ષિત બેકારો :**

શિક્ષિત બેકારો સિવાય રાજ્યમાં અશિક્ષિત બેકારોનું પ્રમાણ પણ ઘણુંજ મોટું જોવા મળે છે વર્ષવાર અશિક્ષિત બેકારોની માહિતી કોઠા-૫ માં આપવામાં આવી છે.

**કોઠો- ૫**

**વર્ષવાર રોજગારી મેળવવા નોંધાયેલ અશિક્ષિત બેકારોની સંખ્યા**

| ક્રમ | વર્ષ | અશિક્ષિત બેકાર સંખ્યા | કુલ બેકારોમાં ટકા |
|---|---|---|---|
| ૧ | ૧૯૮૦ | ૨૦૦૬૩૫ | ૪૨.૬ |
| ૨ | ૧૯૮૧ | ૨૨૩૫૨૦ | ૪૧.૯ |
| ૩ | ૧૯૮૨ | ૨૪૦૩૭૯ | ૪૧.૯ |
| ૪ | ૧૯૮૩ | ૨૩૯૨૧૦ | ૪૦.૮ |
| ૫ | ૧૯૮૪ | ૨૪૫૨૩૭ | ૩૮.૧ |
| ૬ | ૧૯૮૫ | ૨૮૪૫૫૦ | ૩૮.૮ |

કોઠા-૫ પરથી જણાય છે રોજગાર નોંધાયેલ બેકારોમાં અશિક્ષિત બેકારોનું પ્રમાણ કુલ બેકારોમાં ઓછું છે પરંતુ છેલ્લા ૬ વર્ષમાં બેકારોની નોંધણીમાં ૪૧.૮૧ ટકાનો વધારો થયો છે.

**અનુસૂચિત જનજાતિના શિક્ષિત બેકાર ઉમેદવારો :**

અગાઉ આપણે સમગ્ર રાજ્યનાં બેરોજગારીની સ્થિતિનું ચિત્ર જોયું. બેરોજગારી કચેરીમાં અનુસૂચિત જનજાતિના ઉમેદવારોની

જુદી નોંધ રાખવામાં આવે છે અને તે નોંધણી મુજબ હાલમાં અનુસૂચિત જનજાતિના ઉમેદવારોની રોજગારીની સ્થિતિની માહિતી જોઈશું.

તા.૩૧-૧૨-૮૬ના રોજ ગુજરાત રાજ્યની તમામ રોજગારી કચેરીમાં અનુસૂચિત જનજાતિના શૈક્ષણિક લાયકાત મુજબ નોંધાયેલ ઉમેદવારોની માહિતી કોઠા-૬ માં રજૂ કરેલ છે.

## કોઠો - ૬

### તા.૩૧-૧૨-૮૬ના રોજ શૈક્ષણિક સ્તર મુજબ નોંધાયેલ અનુસૂચિત જનજાતિના ઉમેદવારની સંખ્યા

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | લાઇવ રજીસ્ટર | ટકા |
|---|---|---|---|
| ૧ | એસ.એસ.સી. | ૨૫૪૪૯ | ૭૮.૧ |
| ૨ | ઇન્ટર | ૪૮૫૮ | ૧૪.૯ |
| ૩ | ડીપ્લોમા ( કુલ ) | ૧૦૧ | ૦.૩ |
| | (અ) સીવીલ | ૫૫ | ૫૪.૪ |
| | (બ) મીકેનીકલ | ૨૧ | ૨૦.૮ |
| | (ક) ઇલેકટ્રીકલ | ૧૩ | ૧૨.૮ |
| | (ડ) અન્ય | ૧૨ | ૧૧.૦ |
| ૪ | સ્નાતક ( કુલ ) | ૨૦૬૬ | ૬.૩ |
| | (ક) વિનયન | ૧૧૨૧ | ૫૪.૩ |
| | (ખ) વિજ્ઞાન | ૫૭ | ૨.૭ |
| | (ગ) વાણિજ્ય | ૪૯૦ | ૨૩.૭ |
| | (ઘ) ખેતીવાડી | ૪૫ | ૨.૨ |
| | (ચ) શિક્ષણ | ૩૦૫ | ૧૪.૭ |

ચાલુ..

કોઠો-૬.. ચાલુ..

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | લાઈવ રજીસ્ટર | ટકા |
|---|---|---|---|
| | (છ) એલોપેથીક | ૧ | - |
| | (જ) આયુર્વેદિક | ૧૦૫ | ૦.૫ |
| | (ટ) અન્ય | ૩૭ | ૧.૯ |
| ૫ | અનુસ્નાતક (કુલ) | ૯૩ | ૦.૩ |
| | વિનયન | ૬૦ | ૬૪.૫ |
| | વિજ્ઞાન | ૬ | ૬.૪ |
| | વાણિજ્ય | ૭ | ૭.૫ |
| | શિક્ષણ | ૨ | ૨.૨ |
| | અન્ય | ૧૮ | ૧૯.૪ |
| ૬ | એન્જીયરીંગ (સ્નાતક) | ૧૫ | ૦.૧ |
| | સીવીલ | ૯ | ૬૦.૦ |
| | મીકેનીકલ | ૩ | ૨૦.૦ |
| | અન્ય | ૩ | ૨૦.૦ |
| | કુલ શિક્ષિત | ૩૨૫૮૨ | ૧૦૦.૦ |
| | અશિક્ષિત(એસ.એસ.સી.થી ઓછું ભણેલા ) | ૨૯૨૦૩ | |
| | કુલ | ૬૧૭૮૫ | |

પ્રાપ્તિ સ્થાન : રોજગાર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

કોઠા -૬ પરથી જણાય છે કે સૌથી વધુ બેકારોની સંખ્યા એસ.એસ.સી. કક્ષા સુધીના યુવાનોની છે. કુલ નોંધાયેલ બેકારોમાં શિક્ષિત બેકારોનું પ્રમાણ ૫૨.૭ ટકા હતું. આમ અશિક્ષિત કરતાં શિક્ષિત બેકારોની નોંધાયેલ સંખ્યા વધુ જણાઇ હતી.

આપણે અગાઉ જોયું તેમ મુજબ આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઠીક ઠીક પ્રમાણ વધ્યુ છે અને સાથોસાથ અન્ય સમુદાયની જેમ તેમનામાં શિક્ષિત બેકારોની સંખ્યા પણ વધતી જાય છે અનુસૂચિતજાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો માટે નોકરીઓમાં અનામત જગ્યાઓ રાખવાની બંધારણમાં જોગવાઇ કરવામાં આવી છે.

ભારતીય બંધારણમાં દર્શાવેલ રાજનીતિના[૨૮] માર્ગદર્શક સિધ્ધાંત અન્વયે, ભારતીય સમાજનાં સામાજિક આર્થિક અને શૈક્ષણિક રીતે નબળાં જૂથોની જવાબદારી રાજ્યે લીધેલી છે. તેને અનુલક્ષીને ભારતીય બંધારણમાં જ કલમ ૩૪૧ અને ૩૪૨ અનુસાર, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓની અંગેની જોગવાઇઓ કરીને, તેમને માટે વિવિધ સરકારી, અર્ધસરકારી નોકરીઓમાં અનામત જગ્યાઓ રાખવા અંગેની વ્યવસ્થા કરવામાં આવી છે. આને અનુલક્ષીને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ પોતાની નોકરીઓમાં વિવિધ વર્ગોમાં પછાત વર્ગોના ઉમેદવારો માટે અનામત જગ્યાઓની જોગવાઇ કરી છે.

ગુજરાત સરકારશ્રી દ્વારા પણ તેવી જ રીતે વિવિધ ખાતાઓમાં પછાત વર્ગના ઉમેદવારો માટે અનામત જગ્યાઓની જોગવાઇ કરી છે.

<u>અનુસૂચિત જનજાતિના સભ્યો માટે નોકરીમાં અનામત જગ્યાઓ :</u>

ભૂતપૂર્વ મુંબઇ રાજ્યમાં સૌરાષ્ટ્ર અને ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં પછાતવર્ગના ઉમેદવારો માટે જુદી ટકાવારી નિયત કરવામાં આવી હતી. આ જુદાં જુદાં ધોરણોમાં એકરૂપતા લાવવા માટે તા.૨૦-૯-૬૯ના ઠરાવથી સરકારે સમગ્ર ગુજરાત રાજ્ય

માટે અનુસૂચિત જાતિ અને જનજાતિના ઉમેદવારો માટે સરકારી સેવાઓમાં ચોક્કસ પ્રમાણમાં ટકાવારી નિયત કરતા હુકમો કર્યા હતાં. આ મુજબ વર્ગ-૧ અને વર્ગ- ૨ માં અનુસૂચિત જાતિ અને જનજાતિના કર્મચારીઓ માટે અનુક્રમે ૫ ટકા અને ૧૦ ટકાની જોગવાઇ હતી. જયારે વર્ગ-૩ અને વર્ગ-૪ માં આ બંને જાતિના ઉમેદવારો માટે નોકરીમાં અનુક્રમે ૭ ટકા અને ૧૪ ટકાની અનામત જગ્યાઓ રાખવામાં આવી હતી.

આ જોગવાઇઓ રાજય કક્ષાની જગાઓ માટે હતી, જયારે જિલ્લામાં વસ્તીના ધોરણે અલગ અલગ ટકાવારી નિયત કરવામાં આવી હતી અને ૧૯૭૧માં વસ્તી ગણતરી થતાં તેને આધારે ઉપર જણાવેલ વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગાઓ માટે અનુસૂચિત જાતિના અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે અનુક્રમે ૫ અને ૧૦ ટકાની જોગવાઇઓમાં ૧-૧૦-૧૯૭૪ની સુધારો કરી તેને અનુક્રમે ૭ ટકા અને ૧૪ ટકા કરવામાં આવી હતી. જયારે જિલ્લા કક્ષાએ પણ જિલ્લાની વસ્તીના પ્રમાણમાં અનામત જગ્યાઓની જોગવાઇ કરવામાં આવી હતી.

આ અનામત જગ્યાઓની જોગવાઇ રાજયમાં આવેલી સ્વાયત્ત સંસ્થાઓ, સ્થાનિક સંસ્થાઓ, પબ્લિક અંડરટેકીંગ બોર્ડ / જાહેર નિગમો વગેરેને પણ લાગુ કરવામાં આવી છે. આ ઉપરાંત સરકાર તરફથી ગ્રાન્ટ-ઇન-એઇડ લોન તથા સબસીડી મેળવતી સંસ્થાઓ અને જે સંસ્થાઓને લોનની બાંહેધરી આપી હોય તેવી સંસ્થાઓને પણ આ અનામત જગ્યાઓની જોગવાઇનો અમલ કરવાનો રહે છે.

ટકાવારી મુજબ અનુસૂચિત જાતિ અને જનજાતિના ઉમેદવારોને નોકરી આપવામાં આવે છે કે કેમ તે નિશ્ચિત કરવાના હેતુથી વર્ગ-૧ અને વર્ગ - ૨ માં તા. ૧-૧-૭૧ થી અને વર્ગ-૩ અને વર્ગ-૪માં તા.૨૦-૬-૭૩ થી રોસ્ટર પદ્ધતિ અપનાવવાની સૂચના પણ આપવામાં આવી હતી.

આમ સમગ્ર રીતે જોતાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કર્મચારીઓને સરકારી સેવાઓનો અને જાહેર સંસ્થાઓનો શક્ય તેટલા વધારે પ્રમાણમાં લાભ મળે અને નિયત થયેલી ટકાવારી મુજબ નોકરી મળે તે માટે પ્રયત્ન કરવામાં આવી રહયાં છે. પરંતુ વિવિધ સરકારી ખાતાઓમાં તેમજ જિલ્લા અને તાલુકા કક્ષાએ તેમજ સ્થાનિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ વગેરેમાં અનામત જગ્યાઓ કેટલી હતી અને કેટલી ભરવામાં આવી છે તે અંગે કોઇ વ્યવસ્થિત અભ્યાસ થયો નથી જેથી અનુસૂચિતજાતિના ઉમેદવારોને નોકરીઓ મળે છે કે કેમ તે સ્પષ્ટ રીતે જાણી શકાતું નથી.

આપણે અગાઉ જોયું તે મુજબ આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધતાં દરેક વર્ષે જુદી જુદી વિદ્યાશાખામાંથી આદિવાસી ગ્રેજ્યુએટ તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટની પદવી ધરાવતાં ઉમેદવારો ઉમેરાતાં જાય છે. આ શિક્ષિત બેકારોને નોકરી મળે છે કે કેમ અને તેમને માટે રોજગાર વિનિમય કચેરીમાં નોંધણી થયા પછી કેટલા સમયમાં નોકરી મળે છે. તદઉપરાંત શિક્ષિત બેકારોની સંખ્યામાં કયા ઉમેદવારોની વિશેષ સંખ્યા છે. આ બધા પાસાંની જાણકારી મેળવવી એ અગત્યની બીના છે.

શિક્ષિત બેકાર યુવાનોનો આ અભ્યાસ ગુજરાત રાજ્ય આદિજાતિ સલાહકાર પરિષદની સૂચનાથી કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રકારના અભ્યાસનું સૂચન આદિજાતિ સલાહકાર પરિષદના અધ્યક્ષ શ્રી ચંદરવાભાઇએ કર્યું હતું. આ સંશોધન અભ્યાસના મહત્ત્વના હેતુઓ નીચે પ્રમાણેના હતાં.

**હેતુ :**

(૧) સામાન્ય રીતે સરકારશ્રીના વિવિધ વિભાગો તેમજ અન્ય સ્થાનિક સંસ્થાઓમાં આદિવાસીઓ માટે કેટલીક અનામત જગ્યાઓ આપવામાં આવેલ છે તેમ છતાં તેમને નોકરી

મેળવવામાં ઘણી મુશ્કેલી પડે છે? આ મુશ્કેલીઓ કયા પ્રકારની છે તેની જાણકારી મેળવવાનો આ અભ્યાસનો હેતુ છે.

(૨) એક યા બીજા પ્રકારની પદવી મેળવ્યા પછી કેટલો સમય આદિવાસી ઉમેદવારને બેકાર રહેવું પડે છે?

(૩) બેકારીના ગાળા દરમ્યાન કયા પ્રકારની આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલા હોય છે?

(૪) રોજગાર વિનિમય કચેરીમાં નામ નોંધણી કર્યા પછી કેટલા સમયે જુદી જુદી નોકરીઓ માટેના ઇન્ટરવ્યુ કોલ આવે છે અને તેના શુ પરિણામો આવે છે?

(૫) આદિવાસી બેકાર યુવાનોના કુટુંબની આર્થિક - સામાજિક અને શૈક્ષણિક સ્થિતિ તપાસવાનો છે.

(૬) નોકરી મેળવવામાં કયા પ્રકારની ગેરરીતિ સમાજમાં ચાલતી હોય છે તે જાણવાનો છે.

(૭) બેકાર યુવાનો આ કપરી સ્થિતિમાં કેવી માનસિક મનોદશા અનુભવતા હોય છે?

અભ્યાસ પ્રવિધિ :

સામાન્ય રીતે આદિવાસી શિક્ષિત યુવાનોની નોંધણી માટે રોજગારી કચેરીમાં અલાયદી વ્યવસ્થા રાખવામાં આવી છે? રાજ્યના જિલ્લાના મુખ્ય મથકની રોજગારી કચેરી પર બેકારોની નામ નોંધણી કરવામાં આવે છે પરંતુ સ્નાતક અનુસ્નાતક થયેલા શિક્ષિત બેકારોની નોંધણી દરેક યુનિવર્સિટીમાં સ્થાપેલ રોજગારી કચેરી પર નોંધવામાં આવે છે.સ્નાતક કક્ષાથી નીચેની કક્ષા ધરાવતા ઉમેદવારોની નોંધણી જિલ્લા કક્ષાના મુખ્ય મથકો પર કરવામાં આવે છે.

રોજગાર કચેરીમાં રાખવામાં આવેલ નોંધણી પત્રકમાં ઉમેદવારનું નામ, સરનામુ, જન્મતારીખ, લાયકાત અનુભવ, વ્યક્તિની શારીરિક સ્થિતિની વિગતો વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. ( ઝેરોક્ષ પત્રકનો નમૂનો સામેલ છે )

રાજ્યની રોજગાર કચેરી સિવાય દરેક જિલ્લાની પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરીમાં પણ આદિવાસી બેકાર યુવાનોની નોંધણી કરવામાં આવે છે. આ નોંધણી એક ચોપડામાં રાખવામાં આવે છે જેમા વર્ગવાર નોંધણી થાય છે. વર્ગ ૪ માં એસ.એસ.સી.થી નીચેની કક્ષાના ઉમેદવારો, વર્ગ ત્રણમાં એસ.એસ.સી. અને હાયર સેકન્ડરી પાસ, વર્ગ બીજો અને પહેલામા સ્નાતક, અનુસ્નાતક અને તેની ઉચી પદવી ધરાવતા ઉમેદવારોની નોંધ રાખવામાં આવે છે આ કચેરી માંથી વિવિધ ખાતામા ભરતી કરતી વખતે લાયકાત મુજબ યોગ્ય ઉમેદવારોના નામોની ભલામણ કરવામાં આવે છે અને પસંદ થતા ઉમેદવારનું નામ કમી કરવામાં આવે છે.

આ અભ્યાસ માત્ર સ્નાતક અને અનુસ્નાતક બેકાર યુવાનો પૂરતો મર્યાદિત છે. એસ.એસ.સી. પાસ થયેલ ઉમેદવારોની વધુ સંખ્યા હોઇ સમય તેમજ ખર્ચની દ્રષ્ટિએ આટલો મોટો અભ્યાસ હાથ ધરવાનું શકય બની શકે એમ નહોતું તેથી આ અભ્યાસમા યુનિવર્સિટીની રોજગારી કચેરીમાં નોંધાયેલ બેકાર યુવાનોની જ તપાસ કરવામાં આવી છે.

પધ્ધતિ :

બેકાર યુવાનોના અભ્યાસ માટે પસંદ થયેલ ઉત્તરદાતાઓ જુદા જુદા જિલ્લામાં જુદા જુદા ગામો પર વસતાં હોઇ રૂબરૂ માહિતી મેળવવી શકય બને નહીં તેથી આવા પ્રકારના અભ્યાસ માટે ટપાલ પધ્ધતિનો ઉપયોગ ( Postal or Personal Surveys ) કરવામાં આવે છે. આ અભ્યાસમાં ટપાલ દ્વારા બેકાર યુવાનોનો

સંપર્ક કરવામાં આવ્યો હતો. અભ્યાસ માટે એક પ્રશ્નાવલિ તૈયાર કરવામાં આવી હતી. પ્રશ્નાવલિમાં ઉત્તરદાતાનું નામ, સરનામું, તેમજ તેની વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત તેના કુટુંબની માહિતી, નોકરીની માહિતી મેળવવાના સ્ત્રોતની માહિતી, રોજગારી મેળવવા માટેની તત્કાલિન વ્યવસ્થા અંગેના વિચારો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

અભ્યાસ નમૂનો :

આ અભ્યાસ માટે શરૂઆતમાં ગુજરાત, દક્ષિણ ગુજરાત, વડોદરા અને સરદાર પટેલ એમ ચાર યુનિવર્સિટીઓની રોજગાર કચેરીનો સંપર્ક કરી બેકાર યુવાનોની માહિતી એકત્ર કરવામાં આવી હતી. ગુજરાત અને સરદાર પટેલ યુનિવર્સિટીની રોજગાર કચેરીમાં બેકાર નોંધાયેલ ઉમેદવારોની સંખ્યા ઘણીજ ઓછી હોવાથી આ અભ્યાસમાંથી બાકાત રાખવામાં આવેલ છે. બાકીની બે ( દક્ષિણગુજરાત અને વડોદરા ) યુનિવર્સિટીની રોજગાર કચેરીમાંથી બેકાર ઉમેદવારોની નામ સરનામા સહિત યાદી તૈયાર કરવામાં આવી હતી. તપાસ સમયે વડોદરા યુનિવર્સિટીની રોજગાર કચેરીમાં ૨૦ ઉમેદવારોની નોંધણી થઇ હતી જયારે સુરત યુનિવર્સિટીની રોજગાર કચેરીમાં કુલ ૧૧૦ ઉમેદવારોની નોંધણી થઇ હતી. આમ કુલ ૧૩૦ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવી હતી. આ ૧૩૦ ઉત્તરદાતાઓને તારીખ ૧૬ જૂન ૧૯૮૭ના રોજ ટપાલ દ્વારા પ્રશ્નાવલિ મોકલવામાં આવી હતી. જેમાંથી ૩૫ ઉત્તરદાતાઓએ પ્રશ્નાવલિ ભરી મોકલી આપી હતી. ત્યારપછી બાકી રહેલ ૯૫ ઉત્તરદાતાઓને ફરીથી બે માસ પછી તા.૨૦ મી ઓગસ્ટ ૧૯૮૭ના રોજ સ્મૃતિપત્ર મોકલવામાં આવેલ જેમાંથી માત્ર ૧૦ ઉત્તરદાતાઓ પ્રશ્નાવલિ ભરીને પરત મોકલી હતી. આમ કુલ ૧૩૦ ઉત્તરદાતામાંથી પણ ૪૫ ( ૧/૩ ) ઉત્તરદાતાઓની પ્રશ્નાવલિ ભરીને કેન્દ્રમાં પરત આવી હતી જેનો આ અભ્યાસમાં

સમાવેશ થયેલ છે. ૪૫ ઉત્તરદાતાઓમાં ૧૩ બહેનો હતી જયારે ૩૨ ભાઇઓ હતાં.

જાતિવાર ઉત્તરદાતાઓની સંખ્યા નીચે પ્રમાણેની હતી

| ક્રમ | જાતિ | ભાઇઓ | બહેનો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ધોડિયા | ૧૭ | ૧૦ | ૨૭ |
| ૨ | કોંકણા | ૩ | ૧ | ૪ |
| ૩ | ચોધરી | ૨ | ૧ | ૩ |
| ૪ | તડવી | ૧ | - | ૧ |
| ૫ | પટેલિયા | ૧ | - | ૧ |
| ૬ | ભીલ | ૧ | - | ૧ |
| ૭ | વસાવા | ૪ | - | ૪ |
| ૮ | ભાવસાર | - | ૧ | ૧ |
| ૯ | દુબળા | ૧ | - | ૧ |
| ૧૦ | ગામીત | ૨ | - | ૨ |
| | કુલ | ૩૨ | ૧૩ | ૪૫ |

ઉપરના કોઠા પરથી જણાય છે કે સૌથી વધુ સંખ્યા ધોડિયાની હતી. બહેનોમાં પણ સૌથી વધુ સંખ્યા બહેનોની હતી. એક ચોધરી બેનના આંતરજ્ઞાતીય લગ્ન થયા હોવાથી ભાવસાર અટક છે. આંતરજ્ઞાતીય લગ્નના કારણે આ બેનને પોતાની ચાલુ નોકરી છોડવી પડી હતી.

લગભગ બે માસ સુધી બાકીના ઉમેદવારોની પ્રશ્નાવલિ ભરીને આવી નહોતી તેથી લાંબો સમય રાહ ન જોતાં જેટલી પ્રશ્નાવલિ ભરીને પરત આવી હતી તેનું પૃથક્કરણ કર્યા પછી અહેવાલ તૈયાર કરવામા આવ્યો હતો.

ADI-A-2



## ભાગ - ૨

હવે આપણે અભ્યાસમાં આવરી લીધેલ ૪૫ ઉત્તરદાતાઓનું લાયકાત પ્રમાણે વર્ગીકરણ તપાસીશું. આ વર્ગીકરણ કોઠા-૭ માં આપવામાં આવ્યું છે.

### કોઠો-૭

### શૈક્ષણિક લાયકાત પ્રમાણે ઉત્તરદાતાનું વર્ગીકરણ

| શૈક્ષણિક લાયકાત | સંખ્યા | ટકા |
|---|---|---|
| એમ.એ. બી.એડ. | ૨૩ | ૫૧.૨ |
| એમ.એસ.ડબલ્યુ, બી.એડ., એલ.એલ.બી. | ૧ | ૨.૨ |
| એમ.એસ.સી.બી.એડ | ૧ | ૨.૨ |
| એમ.આર.એસ. | ૧ | ૨.૨ |
| એમ.આર.એસ., એલ.એલ.બી. | ૧ | ૨.૨ |
| એમ.એસ.ડબલ્યુ | ૧ | ૨.૨ |
| એમ.પી.એ. | ૧ | ૨.૨ |
| એમ.એ. | ૫ | ૧૧.૨ |
| એમ.કોમ | ૩ | ૬.૭ |
| બી.એ. | ૨ | ૪.૪ |
| બી.ઇ.સીવીલ | ૨ | ૪.૪ |
| બી.ઇ. મીકેનીકલ | ૧ | ૨.૨ |
| બી.એસ.એ.એમ. | ૩ | ૬.૭ |
| કુલ | ૪૫ | ૧૦૦.૦ |

કોઠા-૭ મા આપેલ આકડાઓ પરથી જણાય છે કે બેકારોની સૌથી વધુ સંખ્યા અનુસ્નાતકની ડીગ્રી ધરાવનારાઓની હતી.એમાંયે ખાસ કરીને ૫૦ ટકા ઉપરાંત અનુસ્નાતકની સાથે શિક્ષણમાં પણ સ્નાતક થયેલા હતા.૧૩ બહેનોનું ડીગ્રી અનુસાર વર્ગીકરણ કરતાં જણાયું હતું કે ૯ બહેનો એમ.એ., બી.એડ, એક બી.એડ., એક બી.એ., એક એમ.એ અને એક બી.એસ.એ એમની ડીગ્રી ધરાવતા હતી.

## કોઠા-૮

### જુદી જુદી ડીગ્રીઓ ધરાવતા ઉત્તરદાતાઓ, છેલ્લી ડીગ્રીની કક્ષા પ્રમાણેનું વર્ગીકરણ

| | શૈક્ષણિક લાયકાત | કક્ષા | | | |
|---|---|---|---|---|---|
| | | પ્રથમ | દ્વિતીય | પાસ | કમ |
| ૧ | એમ.એ.બી.એડ. | ૧ | ૧૪ | ૮ | ૨૩ |
| ૨ | એમ.એસ.ડબલ્યુ બી.એડ.એલ.એલ.બી | - | - | ૧ | ૧ |
| ૩ | એમ.એસ.સી.બી.એડ. | - | - | ૧ | ૧ |
| ૪ | એસ.આર.એસ. | - | - | ૧ | ૧ |
| ૫ | એમ.આર.એસ. એલ.એલ.બી. | - | ૧ | - | ૧ |
| ૬ | એમ.એસ.ડબલ્યુ | - | ૧ | - | ૧ |
| ૭ | એમ.પી.એ. | - | ૧ | - | ૧ |
| ૮ | એમ.એ. | - | ૫ | - | ૫ |
| ૯ | એમ.કોમ. | - | - | ૩ | ૩ |
| ૧૦ | બી.એ. | ૧ | ૧ | - | ૨ |
| ૧૧ | બી.ઇ.(સીવીલ) | ૨ | - | - | ૨ |

. ચાલુ..

કોઠો-૮.. ચાલુ..

| | શૈક્ષણિક લાયકાત | કક્ષા | | | |
|---|---|---|---|---|---|
| | | પ્રથમ | દ્વિતીય | પાસ | કુલ |
| ૧૨ | બી.ઇ(મીકેનીકલ) | - | ૨ | - | ૨ |
| ૧૩ | બી.એસ.એ.એમ. | - | ૩ | - | ૩ |
| | કુલ | ૪ | ૨૭ | ૧૪ | ૪૫ |

કોઠા-૮માં આપેલ માહિતી પરથી જણાય છે કે કુલ ઉત્તરદાતાઓમાંથી માત્ર ૪ ઉત્તરદાતાઓ પ્રથમ શ્રેણીમાં બીજી લાયકાતમાં ઉત્તીર્ણ થયેલા હતા. જયારે ૨૭ દ્વિતીય અને ૧૪ પાસ વર્ગમાં ઉત્તીર્ણ થયેલા હતાં. બે સીવીલ એન્જીનીયરની ડીગ્રી ધરાવતા યુવાનો પ્રથમ વર્ગમાં હતાં, એક બી.એ. અને એક એમ.એ. બી.એડ.ની ડીગ્રી ધરાવનાર પ્રથમ વર્ગમાં હતાં.

બેકાર ઉત્તરદાતાઓ પાસેથી હાલમાં તેઓ કયો પ્રકારની પ્રવૃત્તિમા રોકાયેલ છે તે અંગેની માહિતી મેળવતા જણાયું હતું કે બે વ્યકિત કાર્યપાલક ઇજનેરની કચેરીમા કામચલાઉ કલાર્કની નોકરી છેલ્લા નવ માસથી કરતા હતા, જયારે એક છેલ્લા દસ માસથી શિક્ષક તરીકે શાળામા જોડાયેલ પરતુ તેના પગારનો એકે પૈસો મળતો નહોતો તેનો બધો પગાર નોકરી મેળવવા માટેના ડોનેશનમા જતો હતો એવું જણાવેલ જયારે બાકી ૩ વ્યકિતઓ સરકારી મડળી અને ગ્રાહક ભંડારમાં કારકૂનની નોકરી કરતાં હતાં.

કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૦ યુવાનો પરિણિત હતા.જયારે ૨૫ અપરિણિત હતાં. ૨૦ પરિણિત યુવાનોમાંથી આઠ યુવકોને સંતાન હતાં ૩ યુવકોને ત્રણ ત્રણ બાળકો, એકને બે બાળકો અને ચાર જણાને એક એક બાળક હયાત હતું. આ આંકડાઓ પરથી

જણાય છે કે તેમની પાસે સંતાન હોવાથી તેમને ઘણીજ મુશ્કેલીઓ વેઠવી પડતી હશે.

ઉત્તરદાતાઓનું ઉપર પ્રમાણે વર્ગીકરણ કરતા જોવા મળ્યું હતું કે કુલ ઉત્તરદાતામાંથી ૨૯ યુવકો ૨૫ થી ૩૦ ની વયના હતાં, જ્યારે ૨૫ યુવકો ૩૦ થી ૩૫ ની વયના હતાં. જ્યારે માત્ર એક વ્યકિત ૩૫ થી ઉપરથી વયના હતાં.

આ અભ્યાસમા ઉત્તરદાતાઓના કુટુંબની આર્થિક- શૈક્ષણિક અને સામાજિક માહિતી પણ એકત્ર કરવામાં આવી હતી. કુલ તપાસેલ ઉત્તરદાતાઓના કુટુંબની સભ્ય સંખ્યા ૩૧૩ ની હતી જેમાં પુરુષો ૧૬૧ ( ૫૨.૮ % ) અને સ્ત્રીઓ ૧૪૨ ( ૪૭.૨ % ) હતી. આમ સ્ત્રીઓ કરતા પુરુષોની સંખ્યા વિશેષ હતી. તેમનુ કુટુંબનું કદ ૬-૭ વ્યકિતનું હતું. કુટુંબના સભ્યોની સંખ્યા પ્રમાણે કુટુંબનું વર્ગીકરણ તપાસતા જણાયું હતું કે કુલ કુટુંબમાંથી ૨૬.૬ ટકા ( ૧૨ ) ૧ થી ૪ વ્યકિતનું હતું. જ્યારે ૪૪.૪ ટકા ( ૨૦ કુટુંબો ) ૫ થી ૮ વ્યકિતના ૧૭.૭ ટકા ( ૮ કુટુંબમાં) ૮ થી ૧૦ વ્યકિતના જ્યારે માત્ર ૧૧.૩ ટકા ( ૫ કુટુંબો) ૧૦ થી વધુ વ્યકિતના હતાં. આમ ઉત્તરદાતાઓનું કુટુંબ ઠીક ઠીક પ્રમાણમાં મોટું હતું. નાના કુટુંબો માત્ર કુલ કુટુંબમાઓના ¼ ભાગના હતાં.

હવે આપણે ઉત્તરદાતા યુવક કુટુંબની શૈક્ષણિક સ્થિતિ તપાસીશું. તેમના કુટુંબમાં શિક્ષણનું પ્રમાણ કેટલું હતુ તેની માહિતી કોઠા ૯ માં રજૂ કરેલ છે.

## કોઠો - ૯

### શૈક્ષણિક સ્તર પ્રમાણે વસ્તીનું વર્ગીકરણ

| કક્ષા | પુ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| અભણ | ૪૨ | ૬૪ | ૧૦૬ |
| | (૨૬.૧) | (૪૫.૧) | (૩૪.૯) |
| પ્રાથમિક સ્તર | ૧૯ | ૧૧ | ૩૦ |
| | (૧૧.૮) | (૭.૭) | (૧૦.૦) |
| માધ્યમિક સ્તર | ૫ | ૭ | ૧૨ |
| | (૩.૧) | (૪.૯) | (૩.૯) |
| ધોરણ ૧૦ પાસ | ૯ | ૬ | ૧૫ |
| | (૫.૬) | (૪.૨) | (૪.૯) |
| ઉચ્ચશિક્ષણ લીધેલ | ૩૯ | ૧૬ | ૫૫ |
| | (૨૪.૨) | (૧૧.૩) | (૧૮.૨) |
| હાલમાં ભણતાં બાળકો | ૪૭ | ૩૮ | ૮૫ |
| | (૨૯.૨) | (૨૬.૮) | (૨૮.૨) |
| કુલ | ૧૬૧ | ૧૪૨ | ૩૦૩ |
| | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૧૦૦.૦) |

કૌંસમાં દર્શાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.

કોઠા-૯ મા જણાવેલ આંકડાઓ પરથી જણાય છે કે કુલ કુટુંબમાં ૩૫ ટકા લોકો અભણ હતાં જયારે ૭૫ ટકા શિક્ષિત હતાં. જેમાંથી ૨૮ ટકા બાળકો હાલમાં નિશાળે જઇ રહયાં છે. ઉચ્ચશિક્ષણ લીધેલ વ્યકિતઓની સંખ્યા પણ વિશેષ જોવા મળે છે. પરંતુ પુરુષો

કરતાં શિક્ષણની દ્રષ્ટિએ હજુ પાછળ એ આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે.સ્ત્રીઓમાં ભણેલ સંખ્યા ૫૫ ટકા હતી જ્યારે પુરુષોમાં ૭૪ ટકા જેટલી હતી. ઉચ્ચશિક્ષણ લીધેલ વ્યક્તિઓનું પ્રમાણ પણ સારું એવું જોવા મળ્યું હતું. હાલમાં ભણવા જતા છોકરાઓનું પ્રમાણ પણ સારું એવું છે.

કુટુંબની આર્થિક સ્થિતિ :

ઉત્તરદાતાના કુટુંબનો મુખ્ય ધંધો ખેતી હતો. ખેતી સિવાય મજૂરી તેમજ અન્ય ધંધામાંથી આવક થતી હતી. કુટુંબની કુલ સભ્ય સંખ્યામાંથી ૧૨૪ ( ૪૦.૯ ટકા ) વ્યક્તિઓ કામ કરતી હતી. જ્યારે ૧૩૨ ( ૪૩.૬ ટકા ) વ્યક્તિ બિન કામ કરનારાઓ હતા. આમ બિન કામ કરનારાઓનુ પ્રમાણ વિશેષ હતું. ઉત્તરદાતા કુટુંબમાં ઉત્તરદાતા સિવાય પણ કુટુંબની ઘણી વ્યક્તિઓ શિક્ષિત હતી પરંતુ તેમને પણ કામ મળતું નહોતું. કુટુંબમાં શિક્ષિત બેકારોની સંખ્યા ૪૭ ( ૧૫.૫ ટકા ) ની હતી.

ઉત્તરદાતાના કુટુંબ પાસે જમીન હતી, જમીન એ તેમની આવક અને નિર્વાહનું સાધન હતું. કુલ કુટુંબમાંથી ૧૨ કુટુંબો સીમાન્ત ખાતેદાર હતાં, ૧૨ કુટુંબો નાના ખેતીદારો હતાં.જ્યારે ૯ કુટુંબો પાસે ૫ થી ૧૦ એકર જેટલી જમીન હતી જ્યારે ૬ કુટુંબો ૧૦ એકરથી વધુ જમીન ધરાવતાં હતાં. તપાસના એક ઉત્તરદાતા કુટુંબની પાસે ૨૦ એકર જેટલી જમીન હતી.જ્યારે ૧૨ ઉત્તરદાતાઓ કુટુંબો જમીન વિહોણા હતાં. આમ જમીન ધરાવનાર કુટુંબ પાસે સરેરાશ કુટુંબદીઠ ૪ એકર અને ૩૦ ગૂંઠા જમીન હતી. દરેક કુટુંબ આટલી જમીનમાંથી પોતાનું ગુજરાન ચલાવતાં હતાં.

આવક :

ઉત્તરદાતા કુટુંબની દરેક સાધનમાંથી ચાલુ ભાવે કુલ વાર્ષિક આવક રૂા.૬૫૦૫ ની હતી. આમ કુટુંબદીઠ માસિક

આવક રૂા. ૫૪૨ની હતી. માથાદીઠ વાર્ષિક આવક રૂા.૯૭૧ હતી અને માસિક માથાદીઠ ૮૧ રૂા.ની આવક હતી. ગુજરાત રાજ્યમાં ૧૯૮૬-૮૭ના વરસમાં ચાલુ ભાવે માથાદીઠ વાર્ષિક આવક રૂા.૨૯૯૭ હતી આમ રાજ્યની સરખામણીમાં ઉન્તરદાતા કુટુંબની માથાદીઠ આવક ત્રણ ઘણી ઓછી હતી.

ઉન્તરદાતા કુટુંબનું આવકજૂથ પ્રમાણે વિશ્લેષણ કરતા જણાયુ હતું કે કુલ કુટુંબમાંથી ૩૧ કુટુંબો ગરીબી રેખા નીચે જીવન વ્યતિત કરતાં હતાં. આવકજૂથ પ્રમાણે કુટુંબનું વર્ગીકરણ કોઠા-૧૦ માં આપવામાં આવ્યું છે.

કોઠો - ૧૦

વાર્ષિક આવકજૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ

| વાર્ષિક આવક જૂથ | કુટુંબ સંખ્યા | કુલ કુટુંબના ટકા |
|---|---|---|
| રૂા. ૧ થી ૩૦૦૦ | ૨૩ | ૫૧.૧ |
| રૂા. ૩૦૦૧ થી ૫૦૦૦ | ૮ | ૧૭.૮ |
| રૂા. ૫૦૦૧ થી ૧૦૦૦૦ | ૨ | ૪.૪ |
| રૂા. ૧૦૦૦૧ થી ૧૫૦૦૦ | ૫ | ૧૧.૧ |
| રૂા. ૧૫૦૦૦ થી વધુ | ૭ | ૧૫.૬ |
| | ૪૫ | ૧૦૦.૦ |

ઉપરના કોઠા પરથી જણાય છે કે કુલ કુટુંબોમાંથી ૬૯ ટકા કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન વ્યતિત કરતાં હતાં.

નામનોંધણી :

ઉત્તરદાતાઓએ ડીગ્રી મેળવ્યા પછી જે તે વિસ્તારની યુનિવર્સિટીની રોજગાર કચેરીમાં નોકરી માટે નામ નોંધણી કરાવી હતી. નામ નોંધણી કરવામાં તેમને કોઇપણ પ્રકારની મુશ્કેલી નડી નહોતી એવું એવો અભિપ્રાય તેમને વ્યકત કર્યો હતો.

નામ નોંધણી કરવાને કેટલો સમય થયો છે અને નોકરી મળી નથી તેવા પ્રશ્નના જવાબમાં જાણવા મળ્યું હતું કે કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૦ ઉત્તરદાતાઓને ૧ વર્ષ, ૯ ને ૨ વર્ષ, ૫ ને ૩ વર્ષ, ૪ ને ૪ વર્ષ અને ૭ ને ૫ વર્ષ અને તેથી વધુ વરસ થયા હતાં. જુદી જુદી વિદ્યાશાખાની પદવી ધરાવતા ઉત્તરદાતાઓની નામ નોંધણી કરાવેલ સમય પ્રમાણેનું વર્ગીકરણ કોઠા ૧૧ માં રજૂ કરેલ છે.

કોઠો - ૧૧

ડીગ્રી પ્રમાણે ઉત્તરદાતાઓના નામનોંધણીનો સમય

| પદવી | ઉત્તરદાતા સંખ્યા ૧ વર્ષ | ૨ વર્ષ | ૩ વર્ષ | ૪ વર્ષ | ૫ વર્ષ | કુલ |
|---|---|---|---|---|---|---|
| એમ.એ. બી.એડ. | ૧૨ | ૩ | ૫ | ૨ | ૧ | ૨૩ |
| એમ.એસ.ડબલ્યુ બી.એડ. | | | | | | |
| એલ.એલ.બી. | - | - | - | - | ૧ | ૧ |
| એમ.એસ.સી. બી.એડ. | ૧ | - | - | - | - | ૧ |
| એમ.આર.એસ. | - | ૧ | - | - | - | ૧ |

ચાલુ...

કોઠો-૧૧ ચાલુ..

| પદવી | ૧ વર્ષ | ૨ વર્ષ | ૩ વર્ષ | ૪ વર્ષ | ૫ વર્ષ | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | ઉત્તરદાતા સંખ્યા | | | |
| એમ.આર.એસ. એલ.એલ.બી. | - | ૧ | - | - | - | ૧ |
| એમ.એસ.ડબલ્યુ | - | - | - | ૧ | - | ૧ |
| એમ.બી.એ. | - | ૧ | - | - | - | ૧ |
| એમ.એ. | ૩ | - | - | - | ૨ | ૫ |
| એમ.કોમ | ૩ | - | - | - | - | ૩ |
| બી.એ. | - | - | - | - | ૨ | ૨ |
| બી.ઇ(સીવીલ) | - | ૨ | - | - | - | ૨ |
| બી.ઇ. (મીકેનીકલ) | ૧ | - | - | - | - | ૧ |
| બી.એસ.એસ.એ | - | - | - | ૧ | ૨ | ૩ |
| કુલ | ૨૦ | ૮ | ૫ | ૪ | ૮ | ૪૫ |
| ટકા | ૪૪.૪ | ૧૭.૮ | ૧૧.૧ | ૮.૯ | ૧૭.૮ | ૧૦૦.૦૦ |

સામાન્ય રીતે શિક્ષિત આદિવાસીઓ તેમની રોજગારની માહિતી છાપાઓમાં આપેલ વિજ્ઞાપન દ્વારા મેળવતાં હોય છે. પરંતુ કેટલાંક આદિવાસીઓ રાજયના ઊંડાણના વિસ્તારમાં વસતાં હોવાને કારણે આ પ્રકારની માહિતી સહેલાઇથી મેળવી શકતા નથી.

આથી ઉત્તરદાતાઓ પાસેથી પોતે દૈનિક છાપુ વાંચે છે કે કેમ અને છાપું પોતાના ઘરે નિયમિત રીતે આવે છે તે અંગેની માહિતી મેળવવામાં આવી હતી.

તપાસેલ કુલ ઉત્તરદાતાઓમાંથી ૩૮ ઉત્તરદાતાઓ નિયમિત રીતે દૈનિક સમાચારપત્ર વાંચતાં હતા. જ્યારે ૭ ઉત્તરદાતાઓ વાંચતા નહોતા. એવું જોવા મળ્યું હતું. ૩ ઉત્તરદાતાઓ ગુજરાતી સમાચાર દૈનિક સિવાય અંગ્રેજી દૈનિક ટાઈમ્સ ઓફ ઈન્ડીયા પણ વાંચતાં હતાં. વાંચનાર ઉત્તરદાતાઓમાં મોટેભાગે ગુજરાત સમાચાર અને સંદેશ દૈનિક વાંચતાં હતાં. કુલ ૪૫ ઉત્તરદાતાઓમાંથી ૧૫ને ત્યાં દૈનિક છાપું નિયમિતરીતે આવતુ હતું. જ્યારે ૩૦ ઉત્તરદાતાને ત્યાં દૈનિક છાપુ આવતુ નહોતું. જેમને ત્યાં છાપુ નહોતુ આવતુ તેઓ મિત્રો, સંબંધીઓને ત્યાંથી રોજગાર અંગેની માહિતી મેળવી લેતાં હતા એવું જણાવેલ.

જુદા જુદા ખાતામાં પડતી જગ્યાઓ માટે રાજ્ય સરકારના માહિતીખાતા તરફથી રોજગાર સમાચાર પત્રિકા બહાર પાડવામાં આવે છે રોજગાર સમાચાર પત્રિકા અંગેની માહિતી પૂછતાં જાણવા મળ્યું હતું કે કુલ ૪૫ ઉત્તરદાતાઓમાંથી માત્ર ૧૪ ઉત્તરદાતાઓ આ પત્રિકા વાંચતાં હતાં એજ રીતે ભારત સરકારના રોજગાર સમાચાર પત્રકની પણ માત્ર ૧૦ ઉત્તરદાતાઓને જાણકારી હતી. જ્યારે ૩૫ ઉત્તરદાતાઓ તેનાથી અજાણ હતાં.

નોકરી અંગેની માહિતી કેવી રીતે મેળવો છો તે અંગેની પૂછા કરતાં જણાયું હતું કે રેડિયો, છાપાઓ, રોજગાર કચેરીના પરિપત્રથી માહિતી મેળવવામાં આવે છે. કુલ ઉત્તરદાતામાંથી ૧ ઉત્તરદાતાએ રેડિયો દ્વારા, ૪૩ જણાએ છાપાંઓની જાહેરાતથી ૪ મિત્રો દ્વારા જાણકારી મેળવી ૯ જણાએ રોજગાર કચેરીના પત્ર દ્વારા અને ૧૪ જણાએ રોજગાર સમાચારપત્રમાં આવેલ જાહેરાતની જાણકારીથી વિવિધક્ષેત્રે નોકરી માટે પ્રયત્નો કર્યા હતાં.

ઉત્તરદાતાઓને અત્યાર સુધી પોતાની રીતે નોકરી માટે કેટલા પ્રયત્નો કર્યા છે તે અંગેની જાણકારી મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ સંદર્ભમાં જણાયુ હતું કે નોકરી માટે તપાસના ઉત્તરદાતાઓએ અનેક પ્રયત્નો કર્યા હતા જેની વિગતવાર માહિતી કોઠા-૧૨ માં ઉપલબ્ધ છે.

## કોઠો - ૧૨

### રોજગારી મેળવવા માટે કરેલ પ્રયત્નોની સંખ્યા

| પ્રયત્નોની સંખ્યા | | ઉત્તરદાતાઓની સંખ્યા |
|---|---|---|
| ૫ | પ્રયત્ન સુધી | ૧૦ |
| ૬ - ૧૦ | પ્રયત્ન સુધી | ૧૦ |
| ૧૦- ૧૫ | પ્રયત્ન સુધી | ૨ |
| ૧૫- ૨૫ | પ્રયત્ન સુધી | ૨ |
| ૨૫ થી વધુ | | ૨૦ |
| ઘણાં | | ૧૧ |
| કુલ | | ૪૫ |

ઉત્તરદાતાઓએ નોકરી મેળવા માટે અનેક પ્રયત્નો કર્યા હતાં પરંતુ તેમાંથી કોઇ પરિણામ આવ્યું ન હોતું.

રોજગાર કચેરીમાં નામનોંધણી કર્યા પછી કેટલા સમય પછી ઇન્ટરવ્યુ કોલ આવ્યા હતા તે અંગેની જાણકારી મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ અંગે જણાયુ હતું કે કુલ ઉત્તરદામાંથી ૧૭ ઉત્તરદાતાને ઇન્ટરવ્યુ કોલ આવ્યાં જ્યારે બાકીના

ઉત્તરદાતાઓને કૉલ આવ્યા નથી જે ઉત્તરદાતાઓને ઇન્ટરવ્યુ કૉલ આવ્યા હતા તેઓ ઇન્ટરવ્યુમાં ગયાં હતાં. ૧૭ ઉત્તરદાતામાંથી પાંચ જણાને એક વખત, ચાર જણને બે વખત, ત્રણ જણને ત્રણ વખત, એક જણને ચાર વખત, એક જણને ૫ વખત , બે જણાને ૬ વખત અને એક જણને ૮ વખત ઇન્ટરવ્યુ કૉલ આવેલ. મોટાભાગના ઇન્ટરવ્યુમાં ગયેલ ઉત્તરદાતાઓના મત મુજબ ઇન્ટરવ્યુમાં માત્ર ઔપચારિકતા હોય છે. બાકી જે તે ખાતાની નોકરી અંગેના પ્રશ્નો ઘણાં ઓછા પૂછવામાં આવે છે. તેમજ ઘણીવાર રૂબરૂ મુલાકાતમાં બિનજરૂરી અંગત માહિતી પૂછવામાં આવતી હોય છે.

## તારણો

(૧) શૈક્ષણિક સ્તર પ્રમાણે જોઇએ તો અનુસૂચિતજાતિના વિદ્યાર્થીઓમાં સૌથી વધુ બેકારોની સંખ્યા એસ.એસ.સી. પાસ થયેલાઓની છે. સ્નાતક અનુસ્નાતક કક્ષાએ બેકારોમાં સૌથી વધુ વિનયન શાખાના છે એન્જીયનરીંગ સ્નાતક બેકારોની સંખ્યા પણ જોવા મળે છે.

(૨) કુલ ઉત્તરદાતાઓમાં સૌથી વધુ સંખ્યા ઘોડિયાજાતિની છે. બહેનોમાં પણ ઘોડિયા જાતિની વધુ બેકાર છે.

(૩) કુલ ઉત્તરદાતાઓમાંથી સૌથી વધુ બેકારોની સંખ્યા એમ.એ., બી.એડ., એમ.એ, એમ.કોમ, બી.એ. અને બી.એસ.એ.એમ. ઉમેદવારોની છે.

(૪) કુલ ઉત્તરદાતાઓમાંથી ૨૦ પરિણિત હતાં અને ૨૫ અપરિણિત હતાં પરિણિત યુવકોમાંથી આઠ બેકાર યુવકોને સંતાન હતાં.

(૫) બેકાર યુવાનોમાંથી હાલમાં કેટલાક કામચલાઉ નોકરીમાં જોડાયેલાં હતાં.

(૬) તપાસેલ ઉત્તરદાતાઓનું કુટુંબનું કદ ૬-૭ વ્યક્તિઓનું હતું. ૨૯ ટકા કુટુંબોમાં સભ્ય સંખ્યા ૮ કરતાં વધારાની હતી.

(૭) ઉત્તરદાતાઓના કુટુંબમાં ૬૫ ટકા ભણેલાં હતાં, જ્યારે ૩૫ ટકા અભણ હતાં. જાતિવાર જોઇએ તો પુરુષોમાં અને સ્ત્રીઓમાં અભણની સંખ્યા અનુક્રમે ૨૬ અને ૪૫ ટકાની હતી.

(૮) કુટુંબની કુલ વસ્તીમાંથી ૫૬ ટકા કામ કરનારાઓ હતાં. જ્યારે ૪૪ ટકા કામ કરતાં નહોતાં. કુટુંબમાં શિક્ષિત બેકારોની સંખ્યા ૧૫.૫ ટકા હતી.

(૯) ઉત્તરદાતા કુટુંબની માથાદીઠ વાર્ષિક આવક રૂ.૯૭૧ની હતી અને માસિક માથાદીઠ આવક રૂ.૮૧ની હતી કુલ કુટુંબમાંથી ૬૯ ટકા કુટુંબો ગરીબી રેખા નીચે જીવન વ્યતિત કરતાં હતાં

(૧૦) ઉત્તરદાતાઓને નામનોંધણીમાં કોઇ મુશ્કેલી ઉભી થઇ નહોતી.

(૧૧) કુલ ઉત્તરદાતામાંથી ૩૮ ઉત્તરદાતા નિયમિત રીતે દૈનિક છાપું વાંચતા હતાં જયારે ૭ ઉત્તરદાતાઓ કોઇપણ પ્રકારના છાપાં વાંચતા નહોતાં. ત્રણ ઉત્તરદાતા ગુજરાતી સમાચારની સાથે અંગ્રેજી દૈનિક પણ વાંચતા હતાં. કુલ ઉત્તરદાતામાંથી ૧૫ ને ત્યાં દૈનિક છાપું આવતું હતું.

(૧૨) કુલ ૪૫ ઉત્તરદાતામાંથી ૧૪ ઉત્તરદાતાઓને જ રાજય દ્વારા બહાર પડતા રોજગાર સમાચાર પત્રિકાની જાણ હતી અને એજ રીતે માત્ર ૧૦ ઉત્તરદાતાને ભારત સરકાર દ્વારા બહાર પડતાં એમ્પલોયમેન્ટ ન્યુઝની જાણ હતી અને તેઓ નિયમિત રીતે વાંચતા હતાં.

(૧૩) તપાસમાં જાણવા મળ્યુ હતું કે બેકાર યુવાનોએ નોકરી માટે વ્યકિતગત રીતે અનેક પ્રયત્નો કર્યાં હતાં.

(૧૪) કુલ ઉત્તરદાતામાંથી ૧૭ ઉત્તરદાતાને ઇન્ટરવ્યુ કોલ આપેલ, બાકીનાને એકપણ ઇન્ટરવ્યુ કોલ આપેલ નહી.

(૧૫) ઇન્ટરવ્યુમાં ગયેલ મોટાભાગના બેકાર યુવાનોએ જણાવેલ કે ઇન્ટરવ્યુમાં ઔપચારિકતા સિવાય કોઇ વિષયને લગતા પ્રશ્નો પૂછવામાં આવતાં નથી.

(૧૬) તપાસેલ કુલ ઉત્તરદાતાઓમાંથી માત્ર સાત ઉત્તરદાતાઓ હાલની રોજગાર કચેરીની વ્યવસ્થા બરોબર છે એવો અભિપ્રાય વ્યકત કર્યાં હતાં.

સૂચનો :

(૧) રોજગાર કચેરીમાંથી બેકાર ઉમેદવારોને વ્યવસ્થિત રીતે ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે તેની કાળજી રાખવી જોઇએ.

(૨) જે તે ઉમેદવારને તેમની લાયકાત પ્રમાણેના કોલ મોકલવા જોઇએ જેથી ખોટો વાહનખર્ચ થાય નહીં.

(૩) આદિવાસીઓ દૂર દૂરના વિસ્તારમાં રહેતા હોવાથી તેમજ ઘણા વિસ્તારોમાં સંદેશા વ્યવહારની સગવડ ન હોવાને કારણે ઇન્ટરવ્યુ કોલ સમયસર મળતા નથી આથી ઇન્ટરવ્યુની તારીખના દસેક દિવસ અગાઉ જાણ કરવી જોઇએ.

(૪) આદિવાસી ઉમેદવારોને રોજગારી કચેરી પર ઇન્ટરવ્યુ માટે અથવા લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવે ત્યારે વાહન ભાડુ આપવાની જોગવાઇ કરવી જોઇએ.

(૫) આદિવાસી ઉમેદવારો માટેના પૂર્વ તાલીમ કેન્દ્રો સામાન્ય રીતે મોટા શહેરોમાં ગોઠવવામાં આવે છે. જે તેમને આર્થિક રીતે પોષાતું નથી. આથી પૂર્વ તાલીમ કેન્દ્રો તાલુકા મથક પર અથવા અમુક તાલુકાની મુખ્ય ગામ પર ગોઠવવા જોઇએ જેથી વધુ સંખ્યામાં આદિવાસી યુવાનો લાભ લે.

(૬) ઘણીવાર અનામત જગ્યાઓ પર ભરતી કરવાની હોય છે તેમ છતાં એક યા બીજા બહાના હેઠળ આવી જગ્યાઓ ભરવામાં આવતી નથી અને અનામત જગ્યાઓ પર બિન-અનામત ઉમેદવારોની પસંદગી થાય છે આમ સરકારે બંધારણમાં આપેલ બાંહેધારી મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની બેઠકો લાયકાત હોવા છતાં જુદા જુદા ખાતાઓમાં ભરાતી ન હોય તો તેની વખતો વખત ઉચ્ચ અધિકારી દ્વારા તપાસ કરવી જોઇએ.

(૭) ઉમેદવારોની ભરતી કરતી વખતે તેજસ્વી આદિવાસી ઉમેદવારની ભરતી અનામત જગ્યા પર કરવાને બદલે સીધેસીધી કરવી જોઇએ.

(૮) તપાસમાં આવરી લીધેલ મોટા ભાગના ઉત્તરદાતાઓ બી.એડ.ની પદવી ધરાવતા હતાં આ પદવી ધરાવનારાઓને ખાનગી તેમજ સરકારે સંચાલિત શાળાઓમાં ઇન્ટરવ્યુ કોલ આવે છે શિક્ષકની નોકરીમાં સંસ્થા તરફથી ઘણી મોટી રકમ ડોનેશન તરીકે માંગવામાં આવે છે. ડોનેશનની રકમ આદિવાસી ભાઇઓ આપી શકતા નથી. આ પ્રકારની પ્રથા રાજય ભરમાં વ્યાપક રીતે પ્રચલિત છે. સરકાર દ્વારા થતી શિક્ષકની ભરતીમાં પણ આ પ્રકારની રકમ માગવામાં આવતી હોય છે. આ પ્રકારની ગેરરીતિઓ દૂર થાય તે માટે કડક પગલાં લેવા જોઇએ. સાથોસાથ શિક્ષકની ભરતી માટે કોઇ નવીન પ્રકારનું માળખું ઉભુ કરવુ જોઇએ જેમાં આ પ્રકારની ગેરરીતિઓથી ઉમેદવારને બચાવી શકાય.

તપાસના કેટલાંક ઉત્તરદાતાઓનો અભિપ્રાય જોવો હતો કે આદિવાસી સમાજના થોડાઘણા શિક્ષિત માણસો દ્વારા પણ આદિવાસીઓનું શોષણ થાય છે. આદિવાસી વિસ્તારમાં ઘણા આદિવાસી મંડળો કે સ્વૈચ્છિક સંસ્થાઓ શાળાઓ ચલાવતી હોય છે. આ મંડળો દ્વારા પણ ડોનેશનની માંગણી થાય છે. આમ માધ્યમિક શાળાઓ છાત્રાલયોનું સંચાલન મંડળ ચલાવે છે એ બરોબર છે. પરંતુ શિક્ષકોની ભરતી મંડળ દ્વારા કરવામાં આવે છે તેથી ભ્રષ્ટાચાર વધે છે. આથી શિક્ષકોની ભરતીનું કામ સરકારશ્રી પોતાના હાથમાં લેવું જોઇએ.

(૯) આદિવાસીઓની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે ઘેર ઘેર વ્યક્તિગત છાપુ મંગાવી શકતા નથી તેમજ ગુજરાત

અને કેન્દ્ર સરકાર સંચાલિત સમાચાર પત્રિકા પણ સમયસર જોઇ શકતા નથી. આથી આદિવાસી વિસ્તારમાં જે ગામોમાં પુસ્તકાલય હોય અથવા યુવક મંડળ હોય તો તેમને વિનામૂલ્યે આ પ્રકારની પત્રિકાઓ મોકલી આપવાની વ્યવસ્થા કરવી જોઇએ.

(૧૦) ઘણીવાર આદિવાસીઓને જે તે ખાતા કે સંસ્થામાં નોકરી મળ્યા પછી પણ એક યા બીજા પ્રકારે હેરાન કરવામાં આવતા હોય છે એવું જાણવા મળેલ છે. આથી આવા કિસ્સાઓની સરકારશ્રીએ તપાસ કરી જે તે ખાતાના અધિકારી સામે શિક્ષાત્મક પગલાં ભરવાં જોઇએ.

તપાસના ઉત્તરદાતાઓએ બેકારીની માનસિક વ્યથા કેવી હોય છે તેની હકીકતો રજૂ કરી છે. અહીં દરેકના મનની વ્યથા રજૂ કરવી શકય નથી પરંતુ એક યુવાને બેકારે પોતાની વેદના વ્યકત કરી છે તેને અહીં અક્ષરસર રજૂ કરી છે. આ યુવાન શ્રી એમ.એ. બી.એડ. છે અને અપંગ છે.

'' એક ઉત્તરદાતાએ ૨૦-૬-૮૭ સુધીમાં નોકરી માટે બસો જેટલા પ્રયત્નો કર્યાં હતાં જેમાં ૧૫૦ જેટલા પ્રયત્નોમાં નિરાશા સાંપડી, ૨૫ જેટલા પ્રયત્નોમાં આશ્વાસન આપવામાં આવ્યું હતું. પંદર જેટલા પ્રયત્નોમાં નોકરી માટે કંઇક આશાના કિરણો જોવા મળ્યા ૧૦ જેટલા પ્રયત્નોમાં ઘણો આત્મવિશ્વાસ હતો. પરંતુ આ આત્મવિશ્વાસ મૃગજળ સમાન હતો. અને હજુ પણ તે તરસ્યા મૃગની જેમ નોકરી રૂપી મૃગજળની પાછળ દોડી રહયો છુ. શું આપ મદદ કરી શકશો ? વધુમાં તે જણાવે છે કે પ્રસ્તુત યાદીને યાદ કરીને મારે દુઃખી થવું નથી. શું આ સંસ્થાઓ ઉપર આપ પગલાં લેવા માંગો છો એવું શું ઇચ્છાો નથી ? પરંતુ એટલું તો જરૂર કહેવા માગું છે કે આ ભ્રષ્ટાચારી યુગમાં, ભ્રષ્ટાચારી સરકારમાં અને લોભીયા અધિકારીઓ પર જરાયે વિશ્વાસ નથી. પ્રભુ એમના સદ્‌બુધ્ધિ આપે એવી પ્રભુને પ્રાર્થના કરું છું.

એક આપ્રમ બેકાર ગરીબ યુવાનની કથની અહીં અક્ષરેઅક્ષર રજૂ કરી છે.

## મારા મનની વેદના

પ્રતિ,

નિયામકશ્રી,

જત પ્રસ્તુત હકીકત લખી રહયો છું ત્યારે ખરેખર આંખો ભીની થઇ જાય છે એના બે કારણો છે. પ્રથમ કારણ વ્યકિતને જીવનમાં કયારેક ખૂબજ વેદનાનો સામનો કરવો પડે છે. બીજું કારણ વ્યકિતના જીવનમાં કયારેક ખૂબજ આનંદ આવતો હોય છે ત્યારે

એટલે કે આંસુઓ બે પ્રકારના છે શોકના ( દુઃખ)ના અને આનંદના ( હર્ષના )આ સમયે મારી આંખોમાં હર્ષ અને દુઃખ બન્ને પ્રકારના આંસુ ટપકી રહયા છે.

આપશ્રીને પ્રશ્ન થશે ? શા માટે ? એના કારણો નીચે મુજબ જણાવું છું.

પ્રથમ - આનંદના આંસુઓ -

આનંદના આંસુઓ એ માટે ટપકી રહયા છે કે આપશ્રીએ ગુજરાત વિધાપીઠ યાદ કરાવી અને આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી યાદ આવ્યા. હું મારી વેદના જણાવી રહયો છું એ વેદના આપણા દ્દારા મહાત્મા ગાંધી પાસે જશે અને કદાચ મહાત્મા ગાંધીને મારા જેવા દીન દુખિયાને આશ્વાસન આપવા માટે આ ભ્રષ્ટાચારી દુનિયામાં કદાચ જન્મે દરેકને સદ્બુધ્ધિ આપે અને ગાંધીજીનું સ્વપ્ન જે અધુરૂ રહયું હતું એ રામ રાજયની સ્થાપના કરે.

આ લખી રહયો છું ત્યારે અંતરમાં ન જાણે કયાંથી એવા વિચારો આવે કે કલાકો સુધી લખ્યા કરુ તો એ વિચારો ખૂટતા નથી પરંતુ પરાણે આ વિચારોને દબાવી દઉં છું.

## દુઃખના આંસુઓ :

મારા દુઃખના સ્મરણોને યાદ કરીને મારે વધારે દુઃખી થવું નથી પરંતુ આપશ્રીને જણાવવા માગુ છુ કે મારા જેવા આ દેશમા કેટલાય બેકાર રૂપી રોગથી પીડાય રહયા હશે હું તો માત્ર પ્રતિનિધિત્વ કરી રહયો છું. અંતમાં આ જીવનની મારી વેદના છે એ વેદના જણાવી રહયો છું.

હું એક સામાન્ય ગરીબ મા-બાપનો દિકરો છું. લગભગ ૭ વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી હતી અને હાલમાં પણ માતાની છત્રછાયા હેઠળ જીવી રહયો છું.

એથી વિશેષ કમનસીબીએ છે કે હું શારીરિક રીતે અપંગ હોવા છતાં કોઇ પણ સંસ્થામાં નોકરી મળી નથી એનું મને વિશેષ દુઃખ છે.

મારી માની અંતિમ ઇચ્છા હતી કે મારા દીકરાને સારી નોકરી મળે એ ઇચ્છાએ મને અનેક મુશ્કેલીઓનો સામનો કરી ભણાવ્યો પરંતુ આખરેએ ઇચ્છાઓ આજે મરી પરવારેલી જોવા મળે છે.

હવે તો આ બેકારીરૂપી રોગથી એટલો બધો પીડાઇ રહયો છું કે સારવાર કરવાની દરેક દવાઓ અપનાવી છે પરંતુ એમાંથી અનેક પેટા રોગોનો ઉદ્ભવ થયો છે. જેવા કે માનસિક, શારીરિક, બૌધિક, આધ્યાત્મિક વગેરે અનેક રોગોથી પિડાઇ રહયો છું અને નોકરી રૂપી દવા શોધી રહયો છું.

આજસુધી જીવનમા મુxxxx પુરુષાર્થ કર્યો છે બે વર્ષથી નસીબની રાહ જોઇ છે. હવે તો સ્વર્ગ અને નર્કની રાહ જોઇ રહયો છું. ખરેખર આ વિશ્વમાં ભગવાન હોય તો પ્રભુને પ્રાર્થના કરું છું કે આ પૃથ્વી કરતાં મને નર્કમાં બોલાવશે તો હું જવા માટે તૈયાર છું. આજ સુધીમાં મનમાં કેટલાય ખરાબ વિચારો આવી જાય છે

પરંતુ મનને મહામુશ્કેલી મનાવી લઉ છું. મારા જીવનની વેદનાને ઠાલવવા માટે દરેક સ્ફુરણાઓ જાગૃત થાય છે હાથ થાકતો નથી મન માનતું નથી પરંતુ પરાણે મારી વેદનાને રોકી રહયો છું. વિશેષ વેદના જણાવવા માંગતો નથી.

બાઇશ્રી આપ જણાવો છો કે આ હકીકત ગુપ્ત રાખવા માંગો છો. ગુપ્ત રાખવાની કોઇ જરૂર નથી. કારણ આ સત્ય હકીકત છે. આપની ઇચ્છા હોય તો કોઇપણ દૈનિકપત્રમા આપ બહાર પાડી શકશો. બસ

એક કમનસીબ ભાઇ

ઉત્તરદાતાની સહી

(૨) એમ.એ. બી.એડ. થયેલ બેકાર યુવાનની વેદના

(૧) ૧૯૮૫-૮૬ મા ૧૭ હાઇસ્કૂલમાં અરજી આપી તેમાંથી ત્રણ હાઇસ્કૂલમાં ફકત ઇન્ટરવ્યુ કોલ મળ્યાં.

૧૯૮૬-૮૭ માં ૨૧ હાઇસ્કૂલમાં અરજી કરી એક પણ ઇન્ટરવ્યુ કોલ મળ્યો નથી ઇન્ટરવ્યુ કોલ આવ્યા જ નથી અને આવશે પણ નહી તેની ખાતરી છે કારણકે ત્યાં મારી લાગવગ નથી.

નોંધ હાઇસ્કૂલના પ્રમુખને આપવા ૩૦ થી ૪૦ હજાર રૂપિયા તો શું પૈસો પણ નથી.

(૨) નોંધ નિયામકશ્રીને

(અ) આપની ઓફિસમાં પટાવાળા કે ઝાડુવાળાની કે કોઇપણ જગ્યા હોય તો જણાવવા ખાસ વિનંતી.

(બ) મારી એમ.એ. બી.એડ.ની ડીગ્રી વેચવાની છે કોઇ લેનાર હોય તો જણાવશો.

(ક) આ અંગેનો તમારો અભિપ્રાય જણાવવા વિનંતી.

સહકારની અપેક્ષા સહ.

લી.

ઉત્તરદાતાના વંદન